# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/ક્વા-ર/૧૯- ૨૦/૫૬૪૪–ર** **તા.ર૭–૦૮–૧૯**

ર003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪ર (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ર૦૧૧ જાહેરનામા નં. ર/ર૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૬/ક્વા-ર/૧૯- ર૦

અરજદાર: **જીલ્લા મેનેજર શ્રી એગ્રીકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેંક ગામ: જુનાગઢ**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અશ્વિનભાઈ શાંતિલાલ પંડ્યા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જુનાગઢ શહેર**

રજૂઆત કરનાર: શ્રી વી.એલ. ભીમાણી, નાયબ ઈજનેર (ટેક) પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જુનાગઢ શહેર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

ર) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ર૦-૦૮-ર૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ર૦-૦૮-ર૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બંને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

ર.૦ **અરજદાર જીલ્લા મેનેજર શ્રી એગ્રીકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેંક - ગામ -જુનાગઢ, તેઓની અરજીના નોંધણી નં: ૩૬/ક્વા-ર/૧૯- ર૦, માં જણાવે છે કે,** તેઓ ગ્રાહક નં. –૩૦૮૦૬–૦૦૪૯૭–૫, મીટર નં– પીજીએસટી–૦૪૦ર૦૧ર૫ થી સદર બેંક નુ વીજજોડાણ ધરાવે છે, જેમા પુરવણીબીલ તરીકે વર્ષ–ર૦૧૧ થી ૬૮૪૬/૬૫ નુ તા.ર૮–૦૫–૧૯ નુ ખોટી રીતે બીલ આપેલ છે. સદર બાબતે અરજદાર ને ઓડિટ પારા ની નકલ મોકલાવેલ નથી. તેમજ પીજીવીસીએલ દ્રારા ઓડિટ પારા નો શુ જવાબ આપ્યો તેની નકલ મોકલાવેલ નથી. તેમજ વર્ષ–ર૦૧૧ થી ૦૮ વર્ષ થયા ત્યારે શા કારણોસર પુરવણીબીલ આપવુ પડયુ, તે બાબતે ની વિગત સાંભળવાની તક આપ્યા વગર બીલ મોકલાવેલ છે. જે ગેરકાયદેસર હોય રદબાતલ કરવા – તેમજ સદર ફરીયાદ ના નિરાકરણ ન થાય ત્યા સુધી વીજજોડાણ ને ન કાપવા માટે નો વચગાળા નો મનાઈ હુકમ સામેવાળા ને આપવા **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

૨.૧ ફોરમ કમિટી મીટીંગ તા.૨૦–૦૮–૧૯ ના રોજ અરજદાર ની લેખીત રજુઆત મુજબ– વકીલ સીવાય હાજર રહેવાની નોટીસ આવેલ છે, જે બંધારણીય અધિકારનો ભંગ છે, તેમજ ૦૨ વર્ષ અગાઉ ના લેણા ચુકવવાની સદર બેંકની જવાબદારી રહેતી નથી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **શ્રી ડિસ્ટ્રિક્ટ મેનેજર એગ્રી એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેંક ગ્રાહક નં 30806-00497-5 (NRGP) (LOAD-0.5 kw) ને વીજ જોડાણ માં** ઇલેક્ટ્રીક ડ્યૂટી 0% લાગતી હતી પરંતુ ગ્રાહક પાસે થી 25% લેખે ઇલેક્ટ્રીક ડ્યૂટી લેવાપાત્ર હોય જે કંપની ની ઓડિટ ટીમ ના ધ્યાને આવેલ હોય ઓડિટ ટીમ ની સૂચના મુજબ નું બિલ તથા નોટિસ અરજદાર ને પાઠવેલ હતી. તદ્ઉપરાંત ગ્રાહક ની અરજી તા. ૨૮-૦૫-૧૯ ના અનુસંધાને પણ ગ્રાહકશ્રી ને થી પ્રત્યુતર પાઠવેલ.જેમાં સ્પષ્ટ કરેલ છે કે આપેલ બિલ એ કોઈ દંડ ની રકમ નથી પરંતુ ઇલેક્ટ્રીક ડ્યૂટી ની રિકવરી છે .જે કંપનીના નિયમાનુસાર આપેલ છે. આમ ગ્રાહકશ્રી ને જે બિલ આપવામાં આવેલ છે તે બિલ નિયમ મુજબ આપવામાં આવેલ છે .જેના આધાર પુરાવાઓ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર **શ્રી ડિસ્ટ્રિક્ટ મેનેજર એગ્રી એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેંક ગ્રાહક નં 30806-00497-5 (NRGP) (LOAD-0.5 kw) ને વીજ જોડાણ** ધરાવે છે. સદર વીજજોડાણમાં પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા સદર ગ્રાહક નંબરમાં માહે એપ્રીલ – ૨૦૧૨ થી માહે એપ્રીલ – મે– ૨૦૧૮ સુધીના સમયગાળામાં વીજકર ૨૫% લેખે રકમ રૂ.૬,૪૩૬/૮૪ વસુલવા પાત્ર છે. જે અનુસંધાને – સદર અરજદાર ને તા.૦૩–૦૫–૧૯ થી નોટીસ મોકલાવેલ હતી.

૪.૨ ઉપરોકત બાબતે – અરજદારની રજુઆત તા.૨૮–૦૫–૧૯ ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા લેખીતમાં તા.૦૮–૦૮–૧૯ થી વિગતવાર પુરવણીબીલ ની નકલ અપાયેલ તેમજ જણાવેલ કે સદર રકમ કોઈ દંડ ની રકમ નથી પરંતુ ભુલ ચુક લેવી દેવી સબંધક એવી અગાઉ ના વર્ષ ની ભુલ સુધારણાના ભાગરૂપે સદર પુરવણીબીલ '' 89th REPORT OF LAW COMMN. OF INDIA ON THE LIMITATION ACT-1963 (Chapter -17 Section-17- i.e. Fraud and Mistake – અંતર્ગત ના CLAUSE NO. : 17 (1)'' અંતર્ગત ની બાબતો હેઠળ નુ છે. તેમજ સપ્લાય કોડ નોટીફિકેશન નં. ૬.૮૪ મુજબ અને ઈલેક્ટ્રીસીટીએક્ટ ૨૦૦૩ ના સેકશન ૫૬ મુજબ ૦૨ વર્ષ થી વધારાની રીકવરી થઈ શકે નહી, તે બાબત સદર કિસ્સામાં લાગુ પાડી શકાય નહી. કારણકે જે તે વખતે કંપની દ્વારા વીજબીલ અપાયેલ છે. તેમા ગણતરી ભુલ ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ છે. તેમજ સદર ડેટા પીજીવીસીએલ પાસે ઉપલબ્ધ હોય ભરવા પાત્ર છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧ અને ૪.૨ મુજબ ની વિગતે – સદર બાબતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે તે સમયગાળા દરમ્યાન નિયમાધીન કાર્યવાહી કરવાની જરૂર હતી, જે વિજકંપની ના અધિકારી તથા કર્મચારી ની સ્પષ્ટ બેદરકારી સુચવે છે, અને તેના કારણોસર બીલ ની આવક ગુમાવવી પડી છે. જેથી કસુરવાર કર્મચારી / અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સુચના આપવામા આવે છે. વધુમાં જણાવવાનુ કે – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: Notification No. 11 of 2005 6.4.8 The Distribution Licensee shall not be eligible for recovery of the dues from the consumer after a period of two years from the date when such amount becomes first due, if such dues are not shown as arrears continuously for a period of two years from the due date. The failure on the part of the Distribution Licensee to show such arrears continuously for a period of two years as arrears shall not entitle the Distribution Licensee to effect the disconnection of supply to the concerned consumer અને નોટીફિકેશન નં. – ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮૪ – Recovery of Arrears – '' No sum due from any consumer, on account of default in payment shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied as per Section 56 of the Act.~' મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર પાસેથી તા.૦૩–૦૫–૧૯ પહેલાના ૦૨ વર્ષ સુધીની વીજકર અન્વયે ની રકમ વસુલાત કરવાની બાબત નિયમાધીન હોય, જે મુજબની વસુલવા પાત્ર રકમની જાણકારી અરજદારને દિન–૧૦ માં લેખીત માં આપવી, જે અરજદારે ભરપાઈ કરવાની રહેશે. વધુમાં અરજદાર ની રજુઆત તા.૨૦–૦૮–૧૯ ના અનુસંધાને ફોરમ દ્વારા વકીલ સીવાય – ફોરમ કમિટી મીટીંગમાં હાજર રહેવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૪૦ મા કરાયેલ જોગવાઈ મુજબ જાણ કરેલ છે.

૪.૪ સદર કેઈસ મા, મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતેનો આદેશ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯